**<u>ક્રિ.કેસ.નં.૨૯૮૩/૦૮</u>**

*૧) આજરોજ ફરીયાદપક્ષે તેમજ આરોપી તરફે વિ.વકીલશ્રી હાજર છે. આરોપી વિરૂધ્ધ કારખાના ધારાના નિયમ–૨ (એમ)(૧) ની જોગવાઈ અનુસાર આરોપીએ કારખાનાની નોંધણી કરાવવા માટે નિયત નમુના નં.૨ પ્રમાણે ત્રણ નકલમાં અરજી સાથે તે માટેનું લાયસન્સ મેળવવા માટે નમુના નં.૩ પ્રમાણેની અરજી જરૂરી લાયસન્સ ફી ના પેઈડ ચલણ સાથે કારખાનાના મુખ્ય નિરીક્ષકશ્રી, અમદાવાદની કચેરીમાં રજુ નહીં કરીને કારખાના નિયમો ૧૯૬૩ ના નિયમ–૬(૧)(ડી) સાથે વાંચતા કલમ–૪(૧)/૩(એ)/૭૩(૧)(બી)/ ૩૩(૧)/૬૨(૧)/૬૬(એ) નો ભંગ કર્યા સબબનો આક્ષેપ છે.*

*૨) આરોપીને ફરીયાદની નકલ પુરી પાડવામાં આવ્યા બાદ ગુનાનો સારાંશ વાંચી સંભળાવતા આરોપીએ સ્વૈચ્છીક કબુલાત આપેલ છે અને મૌખિક રજુઆતમાં જેને સમયે પુરતી તકેદારી રાખેલ હોવા છતાં કામના ભારણને લઈ શરતચુકથી આવો ગુનો થઈ ગયાનો આરોપી કબુલ કરે છે. આરોપી સ્વૈચ્છીક કબુલાત કરવા માંગતા હોઈ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધના ગુનાનો પ્રકાર ધ્યાને લેતા આરોપીએ ગુનો કર્યા અંગે યોગ્ય શિક્ષા થવી જોઈએ તથા ગુનાનો પ્રકાર જોતા આ પ્રકારના ગુના માટે આરોપીને જેલની સજા કરવાની બદલીમાં યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચીત રહેશે તેવું ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.*

**<u>– : હુકમ :–</u>**

*આરોપીના ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ નીચે ગુજરાત કારખાના ધારાના નિયમ–૬(૧)(ડી) સાથે વાંચતા કલમ–૪(૧)/૩(એ)/૭૩(૧)(બી)/ ૩૩(૧)/૬૨(૧)/૬૬(એ) નો ભંગ બદલ સદર કાયદાની કલમ–૯૨ નીચે રૂા.૩૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.*

હુકમ આજ તારીખ ૨૨મી માહે એપ્રિલ સને ૨૦૧૮ નાં રોજ, મારી સહી તથા આ અદાલતનો સિકકો કરીને, ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૨/૪/૨૦૧૮.**
**મુકામ : અમદાવાદ.**

**( એન.પી.રાડીયા)**
**ઍડિશનલ ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૨૩, અમદાવાદ.**
**(GJ00621)**